॥ सा विद्या या विमुक्तये ॥

# શારદ

વર્ષ : ૧૩ | જૂન-જુલાઈ ૧૯૯૨ | અંક : ૧

## સ્થિતપ્રજ્ઞનું મહાપ્રયાણ

શ્રી ગાંધીસાહેબના અવસાનની નોંધ લેતાં સમગ્ર શારદામંદિર પરિવાર અત્યંત દુ:ખની લાગણી અનુભવે છે.

શ્રી ગાંધીસાહેબે સંસ્થાના વ્યવસ્થાપક સમિતિનાં સભ્ય તરીકે, સંસ્થાનાં મંત્રી તરીકે અને સંસ્થાનાં પ્રમુખ તરીકે એમ વિવિધ રીતે સંસ્થાને પોતાની સેવા તો આપી જ છે પરંતુ ૧૯૪૬માં એક નાના એવા બાલમંદિર અને દરેક વર્ગમાં વીસ પચીસ વિદ્યાર્થી હોય તેવા પ્રાથમિક વિભાગમાંથી શાળાએ જ્યારે નવો વિકાસક્રમ અપનાવ્યો એવા જ તબક્કે શ્રી ગાંધીસાહેબની હૂંફ અને માવજત સંસ્થાને મળ્યાં.


પૂ. ગાંધીસાહેબના સૌમ્ય અને ક્ષતિરહિત બીનચર્ચાસ્પદ વ્યક્તિત્વનો બહુમૂલ્ય લાભ જેમ અમદાવાદ શહેરને મળ્યો તેવો લાભ સંસ્થાને મળ્યો. પોતાની અત્યંત વ્યસ્ત પ્રવૃત્તિઓમાંથી પણ સમય કાઢી સંસ્થાના વિકાસની ચિંતા સેવીને તેમણે સંસ્થાને ગૌરવશાળી સ્થાન અપાવ્યું.

શ્રી ગાંધીસાહેબ એવા યુગનું પ્રતિનિધિત્વ કરતા હતા કે જેઓની જીવનશૈલીમાં જ સાદાઈ, નમ્રતા, સેવા-ભાવના અને લોકકલ્યાણ હોય. શ્રી ગાંધી સાહેબનાં જવાથી એ યુગનો સંપર્ક આપણે ગુમાવ્યો તેવી સાર્વત્રિક લાગણી થાય છે.

ગીતામાં ભગવાન શ્રી કૃષ્ણે સ્થિતપ્રજ્ઞના લક્ષણો વર્ણવતા કહ્યું છે,

> "દુ:ખે ઉદ્વેગ ના ચિત્તે, સુખોની ઝંખના ગઈ,
> ગયા રાગ ભય ક્રોધ, મુનિ તે સ્થિર બુદ્ધિનો,
> આસક્ત નહી જે ક્યાંય, મળ્યે કાંઈ શુભાશુભ,
> ન કરે હર્ષ કે દ્વેષ, તેની પ્રજ્ઞા થઈ સ્થિર."

આવી સ્થિતપ્રજ્ઞ સ્થિતિમાં આપણે સૌએ ગાંધીસાહેબને જોયાં છે. પરમ પરમેશ્વર તેમના આત્માને પરમ શાંતિ આપે તેવી અંતરની પ્રાર્થના.



**કુળને યશસ્વી કરનાર,**
**સ્વ કર્મથી સમાજને ઋણી કરનાર, સમાજની ઉન્નતિ કરનાર , સાદુ , સત્યનિષ્ઠ જીવન જીવનાર ,**
**પૂ. શ્રી ચંદ્રકાન્તભાઈ ગાંધી સાહેબના**
**સદા ઋણી એવા**
**શારદા મંદિર પરિવારની સ્મરણાંજલિ.**

# શ્રદ્ધાંજલિ

છેલ્લાં લગભગ નવ દાયકાનો જીવંત ઈતિહાસ એટલે પૂ. ગાંધી સાહેબ. સ્વાધીનતાની લડતમાં દેશ જ્યારે ઝોલે ચઢયો હતો ત્યારે તેમણે જીવનની શરૂઆત કરેલી પણ એ શરૂઆત પણ એવી પ્રેરણા ભરેલી હતી કે એની અસર આપણા જીવન પર રહી જાય. પૂ. ગાંધીસાહેબનું આખુંય જીવન પ્રેરણાદાયી હતું.

૧૯૨૧માં તેમણે અમદાવાદમાં ભરાયેલા કોંગ્રેસ અધિવેશનમાં સક્રિય ભાગ લીધો જેને કારણે તેમને પૂ. ગાંધીજીની નિકટ રહેવાની તક મળી, એ તકને કારણે તેમના જીવનમાં સ્વાશ્રય, પરિશ્રમ, સાદગી જેવા ગુણો તાણાવાણાની જેમ વણાઇ ગયા. પૂ. ગાંધીસાહેબ પોતે જ કહેતાં 'એમના જીવનની પ્રેરણાના ગંગોત્રી હતાં પૂ. ગાંધીજી'. પૂ. ગાંધીસાહેબના અવસાનથી જાણે ગાંધીયુગનો અસ્ત થયો હોય તેવું લાગે છે.

વીલ્સન મીઝનરે કહ્યું છે, ''શ્રદ્ધાનું હું સન્માન કરું છું પણ આપણને શીખવા તો શંકા મારફત જ મળે છે.'' પૂ. ગાંધીસાહેબ માટે જાણે આ એક આદર્શ જીવનમંત્ર હતો. તેમને તમે ક્યારે ય મળો તો સતત પ્રશ્નોની હારમાળા ચાલતી જ હોય. તેમની જીજ્ઞાસા જીવનનાં છેલ્લાં તબક્કા સુધી ખૂબ સતેજ હતી, ને એટલે જ્યાં કાંઇ, જે કોઇ મળે તેની પાસેથી તેઓ સદાય માહિતી મેળવતાં જ હોય, ને ક્યારેક તો વળી સાથે જ રાખેલી ડાયરી ને પેન વડે તે ટપકાવતાં પણ હોય.

અસહકારનાં આહ્‌વાનને લીધે જે હજારો વિદ્યાર્થીઓ પોતાની શાળા કોલેજો છોડી લડતમાં જોડાયાં તેમાં પૂ. ગાંધીસાહેબ પણ હતા, પરંતુ બારડોલીનાં સત્યાગ્રહની તૈયારી દરમિયાન ચૌરાચૌરીનો હત્યાકાંડ સર્જાતા પૂ. ગાંધીજીએ સત્યાગ્રહની લડત સ્થગિત કરી. પૂ. ગાંધીસાહેબના પિતાની ઈચ્છા હતી કે તેઓ ભણવાનું ફરી શરૂ કરે પણ પૂ. ગાંધીસાહેબનું મન તે માટે તૈયાર ન હતું. એટલે થોડો સમય ધંધામાં જોડાયાં પણ ત્યાં જોયું કે માણસ માણસ તરીકે નથી મૂલવાતો પણ તેનું તેજ હણાય તેવી રીતે ધિક્કારાય છે. એટલે તેમાં તેમનું મન લાગ્યું નહીં ને ફરી કોલેજ શરૂ કરવા વિચાર્યું, પણ અમદાવાદની ગુજરાત કોલેજના પ્રિન્સીપાલ રોબર્ટસને અસહકારની લડતમાં ભાગ લીધેલા વિદ્યાર્થીઓને દાખલ કરવાની સ્પષ્ટ ના પાડી એટલે પૂનાની ડેકક્ન કોલેજમાં તેઓ જોડાયાં અને ત્યાં સ્નાતક થઇ અમદાવાદ આવી વકીલાતનો અભ્યાસ શરૂ કર્યો. વકીલાતનાં ધંધામાં પણ તેમણે અસત્યનાં જરા પણ આલંબત વિના વકીલાત કરવાનો દ્રઢ સંકલ્પ કર્યો જેમાં દાદાસાહેબ માવલંકર, જેવાની પ્રેરણા અને સાથ તેમને મળ્યાં. એ સમયમાં રાજકીય પ્રવૃત્તિનું આકર્ષણ ઘણું મોટું હતું, પણ એ પ્રવૃત્તિની બીજી બાજુ રચનાત્મક કાર્યક્રમનો પણ વિકલ્પ હતો. પૂ. ગાંધીસાહેબે એ વિકલ્પ પસંદ કરી અમદાવાદને તેમનું કાર્યક્ષેત્ર બનાવ્યું.અમદાવાદની ભાગ્યે જ કોઇ જાહેર સંસ્થા એવી હશે જેમાં પૂ. ગાંધીસાહેબ પ્રમુખ, મંત્રી કે સભ્ય ન હોય. સત્યાગ્રહની લડતમાં જોડાયેલ વિદ્યાર્થીઓને દાખલ કરવાની ગુજરાત કોલેજનાં પ્રિન્સીપાલે ના કહેતાં તેનાં પ્રતિકારરૂપે તે સમયના અગ્રગણ્ય બાર નાગરિકોએ અમદાવાદ એજ્યુકેશન સોસાયટીની સ્થાપના કરી, જેમાં ગાંધીસાહેબનું ઘણું બધું પ્રદાન હતું. ગુજરાતની જૂનામાં જૂની સાહિત્યસંસ્થા ગુજરાત વિદ્યાસભાનાં તેઓ વર્ષો સુધી મંત્રી રહ્યાં.

પૂ. ગાંધીસાહેબનું વ્યક્તિત્વ નિરાળુ જ હતું. તેમની નિયમિતતા, ઈશ્વર પ્રત્યેની શ્રદ્ધા, સત્યનિષ્ઠા, માનવતા અને કરુણાભર્યું હૃદય, સાદગી, સ્વાશ્રય અનેતે બધાંય સાથે રહેલ સૌજન્યશીલતા, એમની તરફ આદર અને પૂજ્યભાવથી આપણું મસ્તક નમ્યાં વિના ન રહે તેવી તેમની પ્રતિભા હતી. 'મનુષ્ય યત્ન અને ઈશ્વરકૃપા' એ સૂત્ર તો જાણે તેમણે જીવનમાં ઉતાર્યું હતું

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં તેમણે ૨૨વર્ષ સુધી સતત સેવા આપી, જેમાં તેઓએ સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન ડેપ્યુટી મેયર અને મેયર તરીકેનાં બધાં જ હોદ્દાઓ પર બહુ સફળતાપૂર્વક રહી સક્રિય સેવા આપી.

તેમના વ્યક્તિત્વનું બીજું એક ખાસ પાસું તે ચિંતન અને મનન; જેને તેમણે જીવનમાં વણી લીધા હતા. ભગવદ્‌ગીતાનો સતત રસપૂર્વક અભ્યાસ કરતાં.

**ज्ञेय : स नित्यसंन्यासी, योग द्रष्टि न कांक्षति**
**नियन्द्वौ हि महाबाहो, सुखं बन्धात् प्रमुच्यते**

જે પુરુષ કોઇનો દ્વેષ નથી કરતો અને કોઇની પાસેથી કશી અપેક્ષા પણ નથી રાખતો તેવો કર્મ પરાયણ માણસ નિત્યસંન્યાસી છે. આવો સંન્યાસી રાગદ્વેષવિ. દ્વંદ્વોને દૂર રાખી સંસાર બંધનોને સુખપૂર્વક તરી જાય છે.

**समत्वं योग उच्यते ૨-૪૮ સમતાનું નામ યોગછે,**
**योगः कर्मसु कौशलम ૨-૫૦ કર્તવ્યકર્મોમાં કુશળતા એ યોગ છે.**

પૂ. ગાંધીસાહેબ સાચા અર્થમાં આવા યોગી હતા. સંસારમાં રહીને પણ સંન્યાસીથી પણ ઉચ્ચ કોટિનું એવું 'જળકમળવત્' જીવન જીવ્યાં ગીતામાં કહ્યું છે તેમ તેઓ સાચા '**સ્થિતપ્રજ્ઞ**' હતા.

શારદામંદિરની લગભગ સીત્તેર વર્ષની વિકાસયાત્રામાં પૂ. ગાંધીસાહેબનો ફાળો નાનો સૂનો નથી. વર્ષો સુધી તેમની સૂઝ અને કાર્યદક્ષતાનો આપણને લાભ મળ્યો છે. શારદામંદિર આજે વિશાળ વટવૃક્ષ સમું પાંગર્યું છે, તેનાં પાયાનાં ચણતરમાં પૂ. ગાંધીસાહેબનો અનન્ય ફાળો છે.

**"જીવન એવું જીવ્યા કે મૃત્યુ પણ શરમાઈ ગયું"**

**આપનો પ્રેમ, લાગણીસભર હૃદય, હૃદયની ઉદારતા,**
**કર્તવ્યનિષ્ઠા, પરોપકારની ભાવના,**

**સેવાવૃત્તિ અમારી પ્રેરણા અને પથદર્શક બની રહો!!!**

પૂ. ગાંધીસાહેબને આપણા અંતરની શ્રદ્ધાંજલિ સાથે કોટિ કોટિ વંદન.

## વિજયનાં આનંદનો અતિરેક

''બેન, સિરાલી, ચૂંટાઇ છે, એટલે તેની પાર્ટી રાખવાની છે એટલે તમને મળવા આવી છું.''

''પણ વિદ્યાર્થીઓએ ચૂંટણીની ઉમેદવારી નોંધાવતા પહેલાં જ મેં તેમને પાર્ટી ન કરવા વિષે કહ્યું છે.'' બેને ઉત્તર આપ્યો.

''પણ બેન, વર્ગના બધાં જ વિદ્યાર્થીઓ પાર્ટી પાર્ટી કરે અને પાર્ટી ન આપીએ તો કેવું લાગે! છોકરાં નારાજ થઇજાય. તેણે તો સવારે તેનાં પપ્પાને તે માટે આમંત્રણ કાર્ડનું પણ કહી દીધું છે.'' સિરાલીના મમ્મીએ કહ્યું.

આજ મુશ્કેલી વારંવાર ઉભી થતી જોવા મળે છે. બાળકોમાં બાળપણથી જ સાદાઇનાં ગુણો ખીલે તે માટે એકપક્ષે અમે ખાસ આગ્રહ સેવીએ છીએ. જ્યારે બીજે પક્ષે આજની આવી અસહ્ય મોંઘવારીમાં પણ વાલીઓ અત્યંત ખર્ચાળ એવી પાર્ટીઓનાં આયોજન કરે છે.

''બાળકને તેનાં વિજયનો આનંદ તો માણવા દેવો પડે ને! પેલા રાજને તો ગયા વર્ષે તેના ફાર્મ ઉપર કેટલી મોટી પાર્ટી આપી હતી?'' ને આમ દેખાદેખીમાં દિનપ્રતિદિન આ બધું વધતું જ જાય છે.

પાંચમાં ધોરણની અર્ચના બધી જ રીતે ખૂબ હોંશિયાર, મહામંત્રીની ચૂંટણીમાં ઉભી રહી શકે તેવી શક્તિશાળી અને બહુમુખી વ્યક્તિત્વ ધરાવતી, પણ ચૂંટણીમાં ઉભા રહેવાનો વખત આવ્યો ત્યારે તેના મનમાં મોટો પ્રશ્ન એ ઉભો થયો કે ''હું ચૂંટાઉ તો હું પાર્ટી આપી શકીશ ખરી? મારા મમ્મી પપ્પા એ પાર્ટી આપવા દેશે? તેમને તે પોસાશે? ને મનને મનાવી તેણે મહામંત્રીની ચૂંટણીમા ઉભા રહેવાનું માંડી વાળ્યું તેના હૃદય પર કેવા આઘાત પ્રત્યાઘાત પડયા હશે?

એટલે જ અમારો સતત આગ્રહ એ હોય છે કે બાળકોને તેમની જીત જીરવતાં શીખવો. જેમ જીવનમાં પોતાની મર્યાદા પારખી તેને સમજી અને તેને સ્વીકારવી એ પણ ઘણું મહત્ત્વનું છે તે માટે વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરી અમે બાળકોમાં Sportsman Spirit કેળવવાનો પ્રયત્ન કરીએ છીએ તે જ રીતે વિજય પચાવતાં પણ શીખવવું એ બહુ જ મહત્ત્વનું છે. પોતાના સંતાનની પ્રગતિ તો દરેક માં-બાપ ઝંખે જ પણ એ સંતાનના વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ સધાય તે માટે પણ તેની આનંદની લાગણીઓનો અતિરેક ન થઇ જાય એ પણ એટલું જ મહત્ત્વનું છે. પ્રગતિ માટે પ્રોત્સાહન જરૂર આપીએ પણ પ્રગતિનાં સોપાનને અનુરૂપ જ તેની ઉજવણી થાય એ વધુ ઇચ્છનીય છે, ને તે માટે 'ના' પાડવા જેવા ક્યારેક કડવા ઘૂંટડા પણ માએ જ પાવા પડે છે. શાળા અને વાલી બંનેનો જો સહિયારો પ્રયત્ન હોય તો જ બાળકનાં ઘડતરમાં આ શક્ય બની શકે. લાગણી માણસના જીવનને જીવંત બનાવે છે પણ તેનો અતિરેક ક્યારેક એના જીવનનાં વિકાસને રૂંધે છે.

**- ઊર્મિલા શાહ**

## સંસ્થાકીય સમાચાર

### બાલમંદિર

ઉનાળાનાં વેકેશનની મજા માણી પાછાં બાળકો બાલમંદિરમાં પ્રવૃત્તિઓમાં ગૂંથાઇ ગયા છે. નવા વર્ષે નવા બાળકોનું પણ આગમન થયું છે. જેમાં મોટા ભાગના બાળકો બાલમંદિરના પ્રેમાળ અને મુક્ત વાતાવરણમાં સરસ રીતે હળીમળી ગયાં છે, એકરૂપ થઇ ગયાં છે.

**તા. ૨૭-૬-૯૨** ને શનિવારના રોજ તાલીમનાં બાળકો 'મીની ઝૂ' માં ડીયર પાર્કની મુલાકાતે જઇ આવ્યા ને તે પ્રાણીઓ જોઇ ખૂબ મોજ માણી.

**તા. ૧૩-૭-૯૨** થી શ્રી ગૌરીવ્રતની ઉજવણી શરૂ થઇ ગઇ. એની પૂર્વતૈયારી રૂપે વિવિધ ધાન્યોનાં જવારા વવાઇ ગયાં અને ગૌરીવ્રત ઉત્સવના દિવસો દરમ્યાન રંગબેરંગી ચણીયાચોળીમાં સજ્જ થઇ નાનકડી બાળાઓએ ગરબે ઘુમી વ્રત ઉજવ્યાં, બાળકોનો ઉત્સવનો ઉમંગ કંઇક અનેરો હોય છે.

હવે ફરી પાછાં સૌ બાળકો સ્થાપના દિનની ઉજવણીની તૈયારીમાં લાગી ગયા છે. બાલમંદિરનું વાતાવરણ પ્રવૃત્તિઓથી ધમધમી રહ્યું છે.

### શિશુમંદિર

ગ્રીષ્મ ઋતુની રજાઓ પછી ફરી પાછું શિશુમંદિર તા. ૧૫-૬-૯૨ થી પ્રવૃત્તિમય બની ગયું છે. અભ્યાસ અને ઇતર પ્રવૃત્તિઓ બધું જ ફરી આયોજનબદ્ધ રીતે શરૂ થઇ ગયું છે.

**તા. ૧-૭-૯૨** ના રોજ સંસ્થાના પ્રમુખ પૂ. શ્રી ચંદ્રકાંતભાઇ ગાંધીનાં અવસાન નિમિત્તે શોકસભા યોજવામાં આવી, જેમાં પ્રાર્થના, ભજન અને બે મિનિટનું મૌન પાળી સ્વ. પૂ. ગાંધીસાહેબનાં આત્માને ઇશ્વર પરમ શાંતિ આપે તેવી હૃદયપૂર્વક પ્રાર્થના કરવામાં આવી. મુ. શ્રી દિનુભાઇ સ્વ. પૂ. ગાંધીસાહેબના જીવનના પ્રેરણાદાયી પ્રસંગો રજૂ કરી વિદ્યાર્થીઓને તેમના આદર્શ જીવનનો પરિચય આપ્યો. સૌએ તેમને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ આપી.

**તા. ૧૬-૭-૯૨** ના રોજ શિશુમંદિરના વિદ્યાર્થી ભાઇ બહેનોએ ગૌરીવ્રતની ઉજવણી કરી વિવિધ ધાન્યોનાં જવારા માથે લઇ બેનોએ વિવિધ પ્રકારનાં ગરબા રાસ નૃત્ય વિગેરેની સુંદર રજૂઆત કરી. રંગબેરંગી ચણીયાચોળીમા સજ્જ થયેલી એ બાળાઓનો ઉત્સાહ અનેરો હતો.

**અભિનંદન :-**

**કરાટે :-** તા. ૧૬ તથા ૧૭ મેનાં રોજ નવી દિલ્હી ખાતે યોજાયેલ બીજી નેશનલ ટેકવોન્ડો ટુર્નામેન્ટ ચેમ્પીયનશીપમાં

ધો. ૨ (અ) નાં કાર્તિક જેટલીએ રજતચંદ્રક મેળવ્યો છે. ત્યારબાદ તા. ૩-૬-૯૨ થી તા. ૫-૬-૯૨ નાં રોજ બેંગ્લોર ખાતે યોજાયેલ ત્રીજી ઓલ ઇન્ડિયા માર્શલ આર્ટ ફુલ કોન્ટેક્ટ ટુર્નામેન્ટ ચેમ્પીયનશીપમાં પણ ભાઇ કાર્તિકને સુવર્ણચંદ્રક મળ્યો છે. આવી જ્વલંત સિદ્ધિ બદલ તેમને ધન્યવાદ.

**ચિત્ર :-** ગુજરાત રાજ્ય કલા શિક્ષક સંઘ યોજીત ૯૧-૯૨ ની ચિત્રસ્પર્ધામાં **ધો. ૨ (ક) ના ચિ. રાજેશ ટંકશાળીને** ત્રીજું ઇનામ મળ્યું છે. પરમેનન્ટ કલર્સ પ્રાઇવેટ લીમીટેડ દ્વારા યોજાયેલ અખિલ ભારતીય પરમેનન્ટ રંગ હરીફાઇમાં રાજ્યકક્ષાએ આશ્વાસન ઇનામ મળ્યું છે. ગત વર્ષમાં ચિત્ર સ્પર્ધામાં રાજ્ય તથા રાષ્ટ્રીય કક્ષાએ અનેક ઇનામો મેળવવા બદલ ભારત સેવક સમાજ તરફથી તા. ૨૫-૩-૯૨ ના રોજ **આરોગ્યપ્રધાન શ્રી બાબુભાઇ વાસણવાળાને હસ્તે ભાઇ શર્વિલનું અભિવાદન કરવામાં આવ્યું** હતું. રાજપથ કલબ દ્વારા તા. ૧૬-૫-૯૨ ના રોજ **ગુજરાત કોંગ્રેસ પ્રમુખ શ્રી પ્રબોધભાઇ રાવળનાં હસ્તે** પણ તેનું અભિવાદન કરવામાં આવ્યું. ચિ. ભાઇ શર્વિલને તેની આ અપ્રતિમ સિધ્ધિ બદલ અભિનંદન

**સ્કેટીંગ :-** રાજપથ કલબ તરફથી યોજાયેલ સ્કેટીંગ સ્પર્ધામાં **ધો. ૭ (ક) નાં ચિ. કૌશલ પાલખીવાળાને** રોલર સ્કેટીંગમાં બીજુ તથા ઓબસ્ટેકલ રેસમાં ત્રીજુ ઇનામ મેળવવા બદલ ધન્યવાદ.

**તરણસ્પર્ધા :-** ડીસ્ટ્રીક્ટ સ્વીમીંગ એસોશીએશન તરફથી યોજાયેલ તરણસ્પર્ધામાં **ધો ૬ (ક) ની ચિ. અનોલી મહેતાને** ૫૦ મીટર ફ્રી સ્ટાઇલમાં ગુજરાતમાં ત્રીજું ઇનામ તથા રાજપથ કલબ તરફતી યોજાયેલ રોલર સ્કેટીંગમાં ત્રીજું ઇનામ મેળવવા બદલ ધન્યવાદ.

**ચિ. દિપાલી શાહ ધો. ૬ (અ) ને** સ્પોર્ટસ કલબ ખાતે યોજાયેલ તરણ સ્પર્ધાના બેક સ્ટ્રોક તથા બ્રેસ્ટ સ્ટ્રોકમાં દ્વિતીય ઇનામ મેળવવા બદલ અભિનંદન

**ચિ. રાજવી પ્રશાંતભાઇ શાહ ધો. ૩ (ક)** ને અમદાવાદ ડીસ્ટ્રીક્ટ સ્પર્ધામાં ગ્રુપ ચેમ્પીયન બનવા બદલ, ફ્રી સ્ટાઇલમાં પ્રથમ, બેક સ્ટ્રોકમાં દ્વિતીય, બટરફલાયમાં પ્રથમ અને બ્રેસ્ટ સ્ટ્રોકમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરવા બદલ અભિનંદન

ગુજરાત રાજ્ય તરણ સ્પર્ધામાં ચિ. રાજવી ફ્રી સ્ટાઇલમાં દ્વિતીય, બેક સ્ટ્રોકમાં પ્રથમ, બટર ફલાયમાં પ્રથમ, બ્રેસ્ટ સ્ટ્રોકમાં દ્વિતીય સ્થાન મેળવી ગુજરાત સ્ટેટ ચેમ્પીયન બની છે તે માટે ધન્યવાદ.

ત્રિવેન્દ્રમ ખાતે યોજાનાર રાષ્ટ્રીય તરણ સ્પર્ધામાં ભાગ લેવા ગુજરાત રાજ્યે ચિ. રાજવીને પસંદ કરી છે તે બદલ સંસ્થા ગૌરવ અનુભવે છે.

## વિનયમંદિર

**તા. ૧-૭-૯૨ ના રોજ સંસ્થાના પ્રમુખ પૂ. શ્રી ચંદ્રકાંતભાઇ ગાંધીનાં નિધન** નિમિત્તે વિનયમંદિરનાં વિદ્યાર્થીઓ તથા શિક્ષક ભાઇબહેનોએ શોકસભા યોજી તેમને હાર્દિક શ્રદ્ધાંજલિ અર્પી હતી.

**તા.** ૮-૭-૯૨ ના રોજ વિનયમંદિરમાં મહામંત્રી તથા ઉપમંત્રીની ચૂંટણી થઇ જેમાં ચૂંટાનાર નીચેના વિદ્યાર્થી ભાઇબહેનોને અભિનંદન

| | | | |
|---|---|---|---|
| **મહામંત્રી -** | ભાઇઓ | - નિગમ શાહ | (૯ ક) |
| | બહેનો | - કોશા સુતરિયા | (૯ ક) |
| **ઉપમંત્રી -** | ભાઇઓ | - કુણાલ મુન્શા | (૯ અ) |
| | બહેનો | - મિલોની ફોજદાર | (૯ અ) |

શાળાનું એચ. એસ. સી. નું વિજ્ઞાન પ્રવાહનું પરિણામ ૯૭% આવ્યું છે. સામાન્ય પ્રવાહનું પરિણામ ૯૬% આવ્યું છે. જેમા **કુ. તોરલ અનીલભાઇ ઝુમખાવાળાએ** બોર્ડમાં પાંચમું તથા કેન્દ્રમાં બીજું સ્થાન મેળવ્યું છે તે બદલ તેમને અભિનંદન.

ન્યુ. એસ. એસ. સી. પરીક્ષાનું પરિણામ ૯૮% આવ્યું છે. ઉત્તીર્ણ થનાર સૌ વિદ્યાર્થી ભાઇબહેનોને અભિનંદન

**અભિનંદન :-**

**ચિ. અનુજ શાહ (ધો ૮)** ને ધી ગુજરાત સ્પોર્ટસ કલબ ઓફ ગુજરાત આયોજીત તરણ સ્પર્ધામાં 'ટુ લેન્થ ફ્રી સ્ટાઇલ'માં પ્રથમ, બટર ફલાય સ્ટ્રોક તથા બ્રેક સ્ટ્રોકમાં દ્વિતીય અને બ્રેક સ્ટ્રોકમાં તૃતીય સ્થાન મેળવી ત્રણ કાંસ્ય ચંદ્રકો મેળવવા બદલ અભિનંદન

# પુસ્તક

આ જમાનાની સાચી વિદ્યાપીઠ છે પુસ્તકોનો એક સંગ્રહ

**ટોમસ કારલાઈલ**

માતાપિતા પાસેથી આપણે પ્રેમ અને ઉલ્લાસ પામીએ છીએ, એક પછી એક પગલું માંડતા શીખીએ છીએ, પણ પુસ્તકો ખોલીએ ત્યારે ખબર પડે છે કે આપણને પાંખો ફૂટી છે.

**હેલન કેઈઝ**

કેટલાક લોકો વાંચે છે તે વિચારવા માટે, તેવા રડયા ખડયા હોય છે, કેટલાક વાંચે છે તે લખવા માટે, તેવા ઘણા મળે છે, અને કેટલાક વાંચે છે તે વાત કરવા માટે, બહુમતી એમની હોય છે.

**ચાર્લ્સ કોલ્ટન**

**તંત્રી, મુદ્રક, પ્રકાશક :** દિનુભાઇ દ. દવે, આચાર્ય અને નિયામક, શારદા મંદિર, અમદાવાદ - ૩૮૦ ૦૦૭.
**મુદ્રણ સ્થળ :** વિકાસ મુદ્રણાલય, વિકાસગૃહ, અમદાવાદ - ૩૮૦ ૦૦૭. ફોન : ૪૧૨૭૮૮